**કલેઇમ પરચુરણ (પેમેન્ટ અરજી) અરજી નં. ૩૯/૨૦૨૬ ના કામે આંક–૧ તળેનો હુકમ... (કલેઇમ કેસ નં. ૩/૨૦૨૨)**

આ કામમાં અરજદારોની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં રહેલ મૂળ કલેઇમ કેસ નં. ૩/૨૦૨૨ નું કામ ગઈ તા.૧૯–૧૨–૨૦૨૫ ના રોજ ફેસલ થતાં જે કલેઈમના કામના એવોર્ડની ખરી નકલ અરજીના કામે રજુ થતાં, તે વંચાણે લીધા. જ્યારે હાલની પેમેન્ટ અરજી દાખલ થતાં, જે તા.૧૯–૨–૨૦૨૬ રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે. અને સદર અરજી રજીસ્ટરે લીધા બાદ સદરહું અરજીના કામે એવોર્ડ મુજબની રકમ જમા લીધા સબંધે નાઝીરશ્રી ડિસ્ટ્રીકટ કોર્ટ, પોરબંદરનો તા. ૫–૩–૨૦૨૬ ના રોજનો શેરો વંચાણે લેતા અને નાઝીરશ્રી દ્વારા અરજીના કામે હિસાબી કામકાજને લગતા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલ. સદરહું કલેઈમ અરજીના કામે સબંધીત વિમા કંપનીના વિ.વકીલશ્રી દ્વારા કલેઈમના કામે વળતરની રકમ એવોર્ડના હુકમ મુજબ અરજદારને ચુકવવા સામે વાંધો ન હોવા અંગે સામાવાળા વિમા કંપનીના વકીલશ્રીએ આંક–૧ નીચે શેરો કરી જાહેર કરેલ હોય, તેમજ હાલના કામે એવોર્ડ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે કોઈ રીટ દાખલ થયેલ નથી તે અન્વયે એમ.એ.સી.ટી. બ્રાન્ચના ડે. રજીસ્ટ્રારશ્રીનો શેરો વંચાણે લીધો. ઉપરોકત હકીકતે હાલના કામના અરજદારોને કલેઈમ કેસ નં. ૩/૨૦૨૨ માં થયેલ એવોર્ડ માં જણાવેલ હકીકત મુજબ વળતરની રકમ ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | રકમ રૂા.–પૈસા. | ચુકવણીની વિગત. |
|---|---|---|
| 1. | 7,500=00 | કોર્ટ ફી |
| 2. | **4,97,468=00** | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૧ ને મળવાપાત્ર રકમ પૈકીની ૭૦ % ની રકમ હાલની અરજીના અરજદાર ગુ. ભાવિન ભીખુભાઈ થાનકીના વારસદાર નં. ૧ મૈત્રીબેન હાર્દિકકુમાર ભોગાયતાના નામની ફિક્સ્ડ ડિપોઝીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી. સદર એફ.ડી. કલેઈમ કેસ નં. ૩/૨૦૨૨ માં થયેલ એવોર્ડ મુજબ રાખવાની રહેશે. |
| 3. | **2,13,201=00** | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૧ ને મળવાપાત્ર રકમ પૈકીની ૩૦ % ની રકમ હાલની અરજીના અરજદાર ગુ.ભાવિન ભીખુભાઈ થાનકીના વારસદાર નં. ૧ મૈત્રીબેન હાર્દિકકુમાર ભોગાયતાને એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| 4. | **7,10,669=00** | *જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૨ ને મળવાપાત્ર રકમ પૈકીની તમામ રકમ હાલની અરજીના અરજદાર ગુ. ભાવિન ભીખુભાઈ થાનકીના વારસદાર નં. ૨ સગીર ભાવિન થાનકીના નામની ફિક્સ્ડ ડિપોઝીટ રસીદ તેઓ પુખ્ત થાય અથવા પાંચ વર્ષ સુધી તે બેમાંથી જે મોડુ હોય તેટલા સમયગાળા માટે તેમના કુદરતી વાલી અરજદાર નં. ૧ મૈત્રીબેન* |

| | | |
|---|---|---|
| | | *હાર્દિકકુમાર ભોગાયતા મારફત કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી. સદર એફ.ડી. કલેઈમ કેસ નં. ૩/૨૦૨૨ માં થયેલ એવોર્ડ મુજબ રાખવાની રહેશે.* |
| 5. | **4,97,468=00** | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૩ ને મળવાપાત્ર કમ પૈકીની ૭૦ % ની રકમ હાલની અરજીના અરજદાર ગુ. ભાવિન ભીખુભાઈ થાનકીના વારસદાર નં. ૩ નીતાબેન ભીખુભાઈ થાનકીના નામની ફિક્સ્ડ ડિપોજીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી. સદર એફ.ડી. કલેઈમ કેસ નં. ૩/૨૦૨૨ માં થયેલ એવોર્ડ મુજબ રાખવાની રહેશે. |
| 6. | **2,13,201=00** | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૩ ને મળવાપાત્ર રકમ પૈકીની ૩૦ % ની રકમ હાલની અરજીના અરજદાર ગુ. ભાવિન ભીખુભાઈ થાનકીના વારસદાર નં. ૩ નીતાબેન ભીખુભાઈ થાનકીને એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| 7. | **7,10,670=00** | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૪ *ને મળવાપાત્ર રકમ પૈકીની તમામ રકમ હાલની અરજીના અરજદાર ગુ. ભાવિન ભીખુભાઈ થાનકીના વારસદાર નં. ૨ સગીર રૂહી ભાવીન થાનકીના નામની ફિક્સ્ડ ડિપોજીટ રસીદ તેઓ પુખ્ત થાય અથવા પાંચ વર્ષ સુધી તે બેમાંથી જે મોડુ હોય તેટલા સમયગાળા માટે તેમના કુદરતી વાલી અરજદાર નં. ૧ મૈત્રીબેન હાર્દિકકુમાર ભોગાયતા મારફત કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી. સદર એફ.ડી. કલેઈમ કેસ નં. ૩/૨૦૨૨ માં થયેલ એવોર્ડ મુજબ રાખવાની રહેશે.* |
| | **28,50,177=00** | **(અંકે રૂપીયા અઠયાવીસ લાખ પચાસ હજાર એકસો સીત્યોતેર પુરા)** |

હુકમની જાણ નાઝીરશ્રીને કરવી.

તા. ૦૩/૦૪/૨૦૨૬.

મું. પોરબંદર.

(પી.એચ. શર્મા)
મોટર એકસી. કલેઈમ ટ્રિબ્યુનલ (ઓકજી.) અને
એડિશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પોરબંદર.